

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક


તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-47 ■ તા. 19-11-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## સંસદીય લોકતંત્ર મજાક બનીને રહી ગયું છે :સોનિયા



કોંગ્રેસ પાર્ટીના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ ફરી એકવાર મોદી સરકાર સામે આકરા પ્રહારો કર્યા છે. રાષ્ટ્રીય સલાહકાર પરિષદ (દ્વછઝ) અંગે સોનિયાએ કહ્યું કે આ કોઈ બીજું પાવર સેન્ટર નહોતું પણ વડાપ્રધાનને સલાહ આપનાર એક સમિતિ જ હતી. સોનિયા ગાંધીએ તેમના આવનારા પુસ્તક અંગે ખુલાસો કરતાં કેન્દ્રની મોદી સરકાર સામે પણ નિશાન તાક્યું.

સોનિયા ગાંધીએ કહ્યું કે કેન્દ્રની મોદી સરકાર ખુલ્લેઆમ આરએસએસથી નિર્દેશો લઈને જ કામ કરે છે. આરએસએસ ન તો વિશ્વસનીય છે અને તો પ્રજાએ તેને ચૂંટી છે. 'એન્હાન્સિંગ પીપલ્સ રાઈડ એન્ડ ફ્રીડમ - દ્વછઝ રીવિઝિટેડ' નામના લેખમાં સોનિયા ગાંધીએ લખ્યું છે કે આ જ વિડંબના છે કે દ્વછઝને અપમાનિત કરાઈ. દ્વછઝની ભૂમિકા મર્યાદિત થઈ ચૂકી છે. વર્તમાન મોદી સરકાર સતત તેની નીતિઓ માટે આરએસએસથી નિર્દેશો લે છે. ૨૦૧૫માં કેન્દ્રીય મંત્રીઓએ તેમની નીતિઓનું સંપૂર્ણ માળખું રજૂ કર્યું હતું. પીએમ મોદીએ તેને માર્ગદર્શન નામ આપ્યું હતું. ઉલ્લેખનીય છે કે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી પર આરોપો લાગતા રહ્યા છે કે તે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પરિષદના અધ્યક્ષ હતા ત્યારે મનમોહન સિંહની સરકારમાં મહત્ત્વપૂર્ણ નિર્ણયો કરતા હતા.

રાષ્ટ્રીય યોજના આયોગનો ઉલ્લેખ કરતા સોનિયા ગાંધીએ કહ્યું કે તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ સુભાષ ચંદ્ર બોઝે નિર્ણયો કરતી સંસ્થાનું વિકેન્દ્રીકરણ કરીને દ્વછઝની સ્થાપના કરી હતી. જોકે હવે એનડીએની સરકારમાં વડાપ્રધાન કાર્યાલય અને મંત્રાલય ફક્ત રબર સ્ટેમ્પ બનીને રહી ગયા છે. સંસદીય લોકતંત્ર મજાક બનીને રહી ગયું છે. તેમણે દ્વછઝની સફળતાની યાદી બતાવતા કહ્યું કે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો, વન અધિકાર કાયદો ૨૦૦૬ જેવા કાયદા દ્વછઝની સલાહ બાદ જ બન્યા હતા. સોનિયાએ કહ્યું કે એનડીએ સરકારમાં ૨૦૧૪થી લઈને ૨૦૧૯ સુધી ૧૮૬ બિલ રજૂ કરાયા હતા જેમાં ૧૪૨ બિલ પર કોઈ સલાહ લેવાઈ નહોતી. પ્રજાને નિર્ણય લેવાના અધિકાર અને સલાહ આપવાનારા અધિકારથી વંચિત કરી દેવામાં આવી. સરકાર અને નાગરિકો વચ્ચેના સંબંધ એકતરફી થઈ ગયા છે.

## મહાદેવ એપ કેસમાં CM બઘેલને ફસાવનાર આરોપી ફરી ગયો, કહ્યું - 'મને દબાણ કરી સહી કરાવી..'



કથિત મહાદેવ એપ કૌભાંડમાં છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. આ કેસમાં આરોપી અસીમ દાસે કોર્ટમાં પોતાનું નિવેદન પાછું ખેંચ્યું હતું અને કહ્યું હતું કે સીએમ બઘેલ વિરૂદ્ધ તેનું નિવેદન દર્શાવતા કાગળ પર તેનાથી બળજબરીપૂર્વક સહી કરાવવામાં આવી હતી. જેલમાંથી ઈઙ્ઘ ડાયરેક્ટરને લખેલા પત્રમાં તેણે કહ્યું કે તેને ફસાવી દેવામાં આવ્યો છે અને તેણે કોઈ નેતાને પૈસા મોકલ્યા નથી. પત્રમાં તેણે કહ્યું છે કે અધિકારીઓએ તેને અંગ્રેજી ન સમજતા હોવા છતાં અંગ્રેજીમાં લખેલા નિવેદન પર સહી કરવા દબાણ કર્યું હતું.ઉલ્લેખનીય છે કે અસીમ દાસ અને પોલીસ કોન્સ્ટેબલ ભીમ સિંહ યાદવની છત્તીસગઢ વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કાના મતદાન પહેલા ૩ નવેમ્બરના રોજ ધરપકડ કરવામાં આવી હતી. દાસે હવે પોતાનું નિવેદન ફેરવી નાખ્યું છે. ઈઙ્ઘએ કહ્યું હતું કે દાસે દાવો કરતા કહ્યું હતું કે મહાદેવ સટ્ટાબાજીની એપના પ્રમોટરોએ ભૂપેશ બઘેલને ૫૦૮ કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. તપાસ એજન્સીએ તેને ચોંકાવનારો આરોપ ગણાવ્યો હતો અને તપાસની માંગ કરી હતી. દાસ પર ચૂંટણી ફન્ડિંગ માટે રાજનેતાઓને પૈસા પહોંચાડવાનો આરોપ લાગ્યો છે.


વિધાનસભા ચૂંટણી પ્રચાર દરમિયાન આ મામલાને લઈને ઘણી રાજનીતિ થઈ હતી. આ અંગે ભાજપે સીએમ બઘેલ સહિત કોંગ્રેસ પર જોરદાર નિશાન સાધ્યું હતું. આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ કોંગ્રેસ પર પ્રહારો કર્યા હતા. દરમિયાન ભૂપેશ બઘેલે આરોપોને ખોટા ગણાવ્યાં હતાં અને કહ્યું હતું કે ઈડી અને ભાજપ તેમની વિરુદ્ધ કાવતરું કરી રહ્યા છે.

## સર છોટૂરામ જન્મજયંતિ સમારોહ નિમિત્તે કચ્છના કોઠારા ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રાકૃતિક ખેતી જાગૃતિ શિબિર




કચ્છના અબડાસા તાલુકાના કોઠારા ગામે આજે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સર છોટૂરામ જન્મજયંતિ પ્રસંગે શ્રી જાટ સમાજ વિકાસ પરિષદ ટ્રસ્ટ દ્વારા આયોજિત પ્રાકૃતિક ખેતી જાગૃતિ શિબિરમાં સંબોધન કર્યું હતું. આ પ્રસંગે માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રસન્નતા સાથે જણાવ્યું હતું કે, જાટ સમાજે પોતાના સાંસ્કૃતિક મૂલ્યોને ટકાવી રાખીને કચ્છ જેવા સરહદી જિલ્લામાં ખેતીની પ્રગતિ સાથે બોર્ડરની સુરક્ષા પણ સંભાળી છે. રાજ્યપાલશ્રીએ કોઠારા ખાતે સર છોટૂરામના સમાજસેવાના કાર્યોને બિરદાવીને તેમની જન્મજયંતિ નિમિત્તે વંદન કર્યા હતા. સર છોટૂરામનું જીવન કેવા સંઘર્ષ સાથે વિત્યું તે અંગેના પ્રસંગોથી રાજ્યપાલશ્રીએ સૌને અવગત કરાવ્યા હતા. દમનકારી અંગ્રેજી શાસનમાં સર છોટૂરામે ખેડૂતોની વેદના સમજીને માનવતાવાદી બદલાવ લાવવા માટે રાજનીતિમાં પ્રવેશ કર્યો હતો. અનેક દમનકારી અંગ્રેજી કાયદાઓમાં ફેરફાર કરાવીને માનવીય અભિગમ સાથે સર છોટૂરામે સમાજસેવાના કાર્યો કર્યા હતા. અધિકારો મેળવવા સ્વાભિમાની, સંગઠિત બનવા માટે સર છોટૂરામે હાકલ કરી હતી. મહામાનવ સ્વરૂપે સર છોટૂરામના ઉપકારોને સમાજ ક્યારેય ભૂલી નહીં શકે તેમ રાજ્યપાલશ્રીએ ઉમેર્યું હતું. ગરીબ ખેડૂત પરિવારમાં જન્મેલા સર છોટૂરામે સમાજના ઉદ્ધાર માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. કચ્છમાં આવીને સ્થાયી થયેલા જાટ સમાજને બિરદાવીને રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આ સમાજે કચ્છની ધરતીને માતૃભૂમિ બનાવીને ગૌરવાન્વિત કરી છે. રાજ્યપાલશ્રીએ સમાજના લોકોને પોતાના બાળકોને શિક્ષિત બનાવવા અનુરોધ કર્યો હતો. રાજ્યપાલશ્રીએ સૌને વ્યસનમુક્ત બનવા, સંગઠિત રહેવા અને એકબીજાના વિકાસમાં સહભાગી થવા આહવાન કર્યું હતું. રાજ્યપાલશ્રીએ કોઠારા જાટ ધર્મશાલાના વિકાસ માટે રૂ. ૫ લાખના આર્થિક યોગદાનની જાહેરાત કરી હતી. પ્રાકૃતિક ખેતી જાગૃતિ શિબિર નિમિત્તે રાજ્યપાલશ્રીએ સૌને પ્રાકૃતિક ખેતી કરવા અનુરોધ કર્યો હતો. પ્રાકૃતિક ખેતી કરવાથી ખેત ઉત્પાદનમાં ઘટાડો અને આર્થિક નુકસાનીની પરિસ્થિતિ ઊભી થાય છે, આ બાબતને રાજ્યપાલશ્રીએ ગેરમાન્યતા ગણાવી હતી. ગાય આધારિત ખેતી કરવા માટે રાજ્યપાલશ્રીએ વૈજ્ઞાનિક પુરાવાઓ સાથે માર્ગદર્શન આપ્યું હતું. પ્રાકૃતિક કૃષિ થકી જમીનનાં પોષક તત્ત્વો પણ જમીનમાં જ જળવાઈ રહે છે. પ્રાકૃતિક ખેતી માનવજાત માટે કલ્યાણકારી છે. પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, દેશી ગાયના એક ગ્રામ ગોબરમાં ૩૦૦ કરોડ સુક્ષ્મ જીવાણું હોય છે. ગાયના ગોબર અને ગોમૂત્ર આધારિત પ્રાકૃતિક ખેતીના કારણે પહેલા વર્ષથી જ ૧૦૦ ટકા ઉત્પાદન મળે છે. પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવાનું અભિયાન દેશમાં એક ક્રાંતિ તરીકે ઊભરી રહ્યું છે. વધુમાં ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ઘટી જવાથી તેમની આવકમાં પણ વધારો થાય છે. રાજ્યપાલશ્રીએ અળસિયા આધારિત કુદરતી ખાતર બનાવવાની રીત, જીવામૃત, ઘન જીવામૃત, આચ્છાદન વિશે પણ વિગતવાર સમજણ આપી હતી. રાજ્યપાલશ્રીએ આનંદ સાથે જણાવ્યું હતું કે, ગુજરાતમાં પોણા નવ લાખ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવી છે.

## અયોધ્યામાં ગુજરાત સરકાર દ્વારા વિશાળ યાત્રી ભવનનું નિર્માણ કરાશે



કરોડો ભક્તોના આસ્થા કેન્દ્ર સમા વિશ્વખ્યાત તીર્થક્ષેત્ર અયોધ્યામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી આકાર પામી રહેલા ભવ્ય રામમંદિર નજીક ગુજરાત સરકાર દ્વારા વિશાળ યાત્રી ભવનનું નિર્માણ હાથ ધરવાનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો છે.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આ ભવ્ય રામમંદિરના દર્શને આવનારા શ્રદ્ધાળુઓને મંદિર પરિસર નજીક આવાસ- નિવાસ સુવિધાઓ મળી રહે તે માટે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા આ યાત્રીભવનનું નિર્માણ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છેભગવાનની શ્રી રામના દર્શન માટે આવતા ભાવિકો માટે આ યાત્રી ભવન આધ્યાત્મ અને પ્રવાસનના સંગમ સમૂહ બની રહેશે. એટલું જ નહીં, વડાપ્રધાનશ્રીએ વિરાસતના ગૌરવ સાથે વિકાસ સાધવાના આપેલા કાર્ય સૂત્રને પણ સાકાર કરશેમુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના પ્રમોશન માટે જાપાનના પ્રવાસે જતા અગાઉ શનિવારે બપોરે અયોધ્યા પહોંચ્યા હતા.મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં અયોધ્યામાં નિર્માણ થઈ રહેલા ભગવાન શ્રી રામચંદ્રજીના ભવ્ય મંદિર સંકુલની પૂર્ણતાને આરે પહોંચેલી કાર્યવાહી ની માહિતી મેળવી હતી. તેમણે આ અવસરે શ્રદ્ધા ભાવપૂર્વક રામ લલ્લાના દર્શન- અર્ચન તેમજ હનુમાનગઢી મંદિર માં હનુમાનજીના પણ દર્શન- અર્ચન કર્યા હતા. અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા દાયી ઉપસ્થિતિમાં આગામી ૨૨મી જાન્યુઆરીએ અયોધ્યામાં આ ભવ્ય રામમંદિરમાં ભગવાન શ્રી રામચંદ્રજીની મૂર્તિ પ્રતિષ્ઠાનો ઉમંગ- ઉત્સવ ઉજવાશે.



**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દિશાદર્શનમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની જનહિતકારી યોજનાઓના લાભ પ્રત્યેક લાભાર્થી સુધી પહોંચાડવા "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ના આયોજનના ભાગરૂપે મેયરશ્રી હિતેશભાઈ મકવાણાના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે બેઠક મળી. જેમાં મેયરશ્રી એ આ યાત્રાની જાણકારી તેમજ લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે અંગેના સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં શહેર ભાજપ પ્રમુખશ્રી રૂચિરભાઈ ભટ્ટ, ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, કમિશનરશ્રી જે.એન.વાઘેલા, ડે. કમિશનરશ્રી કેયુરભાઈ જેઠવા, શહેર મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પદાધિકારીશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

## તંત્રી લેખ......

# ૨૩ દિવસમાં ૩૫ લાખ લગ્ન અને ૪.૨૫ લાખ કરોડ રૂપિયાનો વેપાર, અર્થતંત્રને મળશે વેગ

કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (ઝછૈં) રિસર્ચ એન્ડ ટ્રેડ ડેવલપમેન્ટ સોસાયટી દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે મુજબ ૨૩ નવેમ્બરથી ૧૫ ડિસેમ્બરની વચ્ચે અંદાજે ૩.૫ મિલિયન લગ્નો થવાના છે. બિઝનેસ સ્ટાન્ડર્ડ દ્વારા અહેવાલ મુજબ, આ ભવ્ય ઉજવણી ખરીદી અને સેવા ક્ષેત્રે ?૪.૨૫ ટ્રિલિયનનું ટર્નઓવર આપે તેવી અપેક્ષા છે. રાષ્ટ્રીય અધ્યક્ષ બી સી ભાટિયાએ જણાવ્યું હતુ કે, આ સિઝનમાં એકલા દિલ્હીમાં ૩.૫ લાખથી વધુ લગ્નો યોજાશે, જે શહેરમાં આશરે ?૧ લાખ કરોડ જનરેટ કરવાનો અંદાજ છે. ગયા વર્ષે, આ જ સમયગાળા દરમિયાન, આશરે ૩.૨ મિલિયન લગ્નો થયા હતા, જેનો ખર્ચ ?૩.૭૫ લાખ કરોડ જેટલો હતો. લગ્નના આ ૨૩ દિવસોમાં, લગભગ ૬ લાખ લગ્નોમાં લગ્ન દીઠ ?૩ લાખનો અંદાજિત ખર્ચ થશે, જ્યારે અંદાજે ૧૦ લાખ લગ્નો માટે લગભગ ?૬ લાખનો ખર્ચ થશે. વધુ ૧૨ લાખ લગ્નો પર લગ્ન દીઠ આશરે ?૧૦ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે, જ્યારે ૬ લાખ લગ્નો પ્રત્યેક ઈવેન્ટનું બજેટ ?૨૫ લાખનું હશે. વધુમાં, ૫૦,૦૦૦ લગ્નોમાં ?૫૦ લાખનો ખર્ચ થવાની ધારણા છે અને અન્ય ૫૦,૦૦૦ લગ્નોનું બજેટ ?૧ કરોડથી વધુ હશે.


## પત્રાવળી-૨૧

રવિવારની સવાર

પ્રિય મિત્રો,

આજે થોડાક શબ્દોથી તમને બધાને મળું છું. હું જે લખું છું તેના પરથી તમે મારા વ્યક્તિત્વનો આછેરો અંદાજ બાંધશો. કોણ કેવા શબ્દો વાપરે છે તેના પરથી તેની ઓળખ નક્કી થતી હોય છે. પોત પ્રકાશતું હોય છે. દાનત છતી થતી હોય છે. ઈરાદા વર્તાતા હોય છે. છેલ્લે તો માણસ જેવો હોય ને એવા જ શબ્દો એના મોઢેથી નીકળતા હોય છે, પેનમાંથી ટપકતા હોય છે અથવા તો કી–બોર્ડની મદદથી સ્ક્રીન પર પડતા હોય છે. શબ્દો માણસની છાપ ક્રિએટ કરે છે. લેખકોનાં લખાણ પરથી વાચકો એક અભિપ્રાય બાંધતા હોય છે, વક્તાના બોલથી શ્રોતાઓ તેને માપતા હોય છે. માત્ર લેખકો કે વક્તાઓનેજ આ લાગુ પડતું નથી. દરેક માણસને સ્પર્શે છે. આપણે કહીએ છીએને કે એની જીભ તો કુહાડા જેવી છે. જીભમાં ધાર કાઢવી કે જીભને સંવેદનાનો સ્પર્શ આપવો એ આપણે કેવા શબ્દો પસંદ કરીએ છીએ અને તેને કેવી રીતે રજૂ કરીએ છીએ તેના પર આધાર રાખે છે. શબ્દો બોલવાના હોય છે, ફેંકવાના નથી હોતા. ઘણા લોકો શબ્દોના છુટ્ટા ઘા કરે છે. શબ્દોને તો તમે જેવો આકાર આપો એવા એ બની જાય. એને તીક્ષ્ણ પણ બનાવી શકો અને તાજગી પણ બક્ષી શકો.

મને ઘણી વાર વિચાર આવે છે કે શબ્દો સામૂહિક છે કે વ્યક્તિગત? મારી રીતે જ તેનો જવાબ મેળવવાનો પ્રયાસ કરું છું. બધા માટે શબ્દો તો આખરે એ જ છે જે શબ્દકોશમાં છે. શબ્દકોશના શબ્દો સામૂહિક છે. જ્યારે તમે તેને વાપરો ત્યારે એ વ્યક્તિગત બની જાય છે. તમારા બની




જાય છે. બાયલાઈન એ જ બતાવે છે કે આ શબ્દો આ વ્યક્તિના છે. લખનાર એના માટે જવાબદાર છે. શબ્દોનો અર્થ પણ સમજનાર ઉપર આધાર રાખે છે. હું કહેવા કંઈ માગું અને તમે સમજો કંઈ તો એમાં શબ્દોનો કોઈ વાંક નથી હોતો. કાં તો હું સરખું સમજાવી ન શક્યો અને કાં તો તમે સમજી ન શક્યા. એક સરસ ક્વોટેશન યાદ આવે છે, હું જે લખું કે બોલું એના માટે હું જવાબદાર છું, તમે સમજો એના માટે નહીં. શબ્દો જે મતલબથી કહેવાયા હોય એ જ અર્થથી સમજાય તો ઘણી મુશ્કેલીઓ ઊભી ન થાય. આપણે બચાવ કરવો ન પડે કે મારો કહેવાનો મતલબ એવો ન હતો.

શબ્દોનું સૌંદર્ય જળવાવું જોઈએ. અયોગ્ય રીતે બોલાતા કે લખાતા શબ્દો એ શબ્દોનું અપમાન છે. શબ્દોની ગરિમા જાળવવાનું બધાને નથી આવડતું. આપણે જન્મીએ પછી અમુક સમય બાદ આપણને બોલતા આવડી જાય છે પણ શું બોલવું, કેવું બોલવું, ક્યારે બોલવું અને ક્યારે ન બોલવું એ ઘણી વખત આખી જિંદગી નથી આવડતું. અમુક લોકો લખે તો એવું થાય કે વાંચ્યા જ રાખીએ, બોલે તો એવું થાય કે સાંભળ્યા જ રાખીએ, બાકી તો એવું જ થાય કે આ હવે બંધ થાય તો સારું.

જેને શબ્દો વાપરતા આવડે છે એ સમજુ છે. ભણેલા હોય એ પણ શબ્દોના ઉપયોગમાં થાપ ખાઈ જતા હોય છે. આપણને ખુદને ઘણી વાર એવું થાય છે કે મારે આમ બોલવાની કે લખવાની જરૂર નહતી. હવે ‘સોશિયલ મીડિયા’નો યુગ છે. દરરોજ લખાય છે. લાઈક મળે છે, કમેન્ટ્સ થાય છે અને સરવાળે લખનારો ઓળખાઈ જાય છે. શબ્દોને પણ શણગારી શકાય. શબ્દોનું બ્યુટીપાર્લર દરેકના દિલમાં હોય છે. આપણે શબ્દોને વાપરતા પહેલાં એ તૈયાર છે કે નહીં એ વિચારીએ છીએ? શબ્દોને તેજાબમાં બોળીને વાપરીએ ત્યારે કદાચ શબ્દોને પણ થોડીક બળતરા થતી હશે. એક બાળકની વાત યાદ આવે છે. એની મમ્મી એને રોજ ખિજાતી. કોઈ ને કોઈ બાબતે બેફામ બોલતી. એક વખત દીકરાએ બહુ સલુકાઈથી કહ્યું કે, મમ્મી તું મને ખીજા તેનો વાંધો નથી પણ પ્રેમથી ખીજા ને! આપણે શબ્દોને સારી રીતે વાપરી શકીએ. એના માટે પહેલાં તો એ ખબર હોવી જોઈએ કે હું શબ્દોને સારી રીતે વાપરતો નથી. આપણને તો ખબર જ ક્યાં હોય છે?

હું કંઈ પણ લખતી વખતે એટલું ચોક્કસ વિચારું છું કે હું આ શબ્દો લખવા માટે પ્રામાણિક છું? લેખક પહેલાં તો પોતાની જાત સાથે પ્રામાણિક હોવો જોઈએ. હું મારી સાથે પ્રામાણિક હોઉં તો જ વાચકો સાથે વફાદાર રહી શકું. જો હું પ્રામાણિક ન હોઉં તો શબ્દોના ઉપયોગ પાછળ રહેલો દંભ વર્તાઈ જ જવાનો છે. હૃદયમાંથી નીકળેલા શબ્દો જ હૃદય સુધી પહોંચે, બાકી તો અથડાઈને પાછા આવે. પડઘાની જેમ. પડઘા ક્યાંય પહોંચતા હોતા નથી. લખતી વખતે મારી આંખો થોડીકેય ભીની થાય તો જ વાચકની આંખમાં જરાક ભેજ વર્તાય. શબ્દોને હું પૂજાની સામગ્રીની જેમ વાપરું છું.

એ શબ્દો જ તો છે જે મને તમારા સુધી પહોંચાડે છે. હું તો મારા વાચકો માટે જ લખું છું. વાચકો જ લેખકને લેખક બનાવે છે.

---

થોડી ઘણી ઉદાસ આંખો છે અને લાગેય છે
પણ જિંદગી તારા વિના પણ એ છતાં ચાલેય છે

એવા દિલાસે હું સતત અંધારમાં જીવ્યે ગયો
કે રાતની પાછળ ખુદા દિવસ નવો આપેય છે

ચાલી જતે તૂટ્યા ભલે કિન્તુ હજી આ વાયદા
તૂટી ગયેલાં કાચની માફક મને વાગેય છે

તારા સ્મરણથી એટલે પીછો નથી છોડાવતો
જુનાં ખરે જો પાન તો પાછા નવાં આવેય છે

જોડાણ સૌ તૂટી ગયા છે આપણી વચ્ચે છતાં
પહેલા હતો જે ગર્વ તારો એ મને આજેય છે

મારે સમયમાં કે સ્વજનમાં ફેર કંઈ જાજો નથી
એ ધ્યાનમાં રાખે બધુ ને ધ્યાન પણ રાખેય છે

તારા તરફ છે ધ્યાન કેવળ એટલે જોયું નથી
બાકી જમાનામાં ઘણા લોકો મને ચાહેય છે

શોભી રહયું છે એમને હસતાં મુખે જાવું ’અગન’
આ બારણામાં બેસવું મારું મને છાજેય છે

-’અગન’ રાજયગુરુ

કવિ શ્રી ’અગન’ રાજ્યગુરુ અમરેલીના રહેવાસી અને અને વ્યવસાયે અમરેલી શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલા છે. અને કો-ઓર્ડીનેટર/પ્રિન્સિપાલ તરીકે કાર્ય કરે છે. એમનો એક ગઝલ સંગ્રહ ’તમારી યાદમાં’ પ્રકાશિત થયેલો છે. જેમાં ૧૬૪ ગઝલનો સમાવેશ થયેલો છે. કવિ શ્રી ’અગન’ રાજ્યગુરુ ઘણી ચોટદાર ગઝલ આપે છે. એમની ટાઈમ લાઈન પરથી આ ગઝલ મળી છે જે મને વાંચતાં જ ગમી ગઈ.

થોડી ઘણી ઉદાસ આંખો છે અને લાગેય છે
પણ જિંદગી તારા વિના પણ એ છતાં ચાલેય છે

કોઈના ચાલી જવાથી દિલ ઉદાસ થાય છે. અને ઉદાસી આંખોમાં ઉતરી આવે એ પણ સ્વાભાવિક છે. અને ઘણું છુપાવવા છતાં આંખો એ ઉદાસીની ચાડી ખાય જાય છે. તેમ છતાં કોઈના વગર જિંદગી અટકી જતી નથી. મન ઉદાસ થયું છે એની ના નથી. આંખોમાં ઉદાસી ઉતરી છે એ પણ દેખાય આવે છે અને છતાં તારા વગર જિંદગી ચાલે છે. પ્રેમ એની જગ્યા પર કાયમ હોય છે. કોઈની ખોટ વર્તાય પણ ઉદાસ થવાય પણ જિંદગી તો ચાલે જ છે.

એવા દિલાસે હું સતત અંધારમાં જીવ્યે ગયો
કે રાતની પાછળ ખુદા દિવસ નવો આપેય છે

દુઃખ અને સુખ જીવતર સાથે ઘડાયેલા છે. ક્યારેક તડકો અને ક્યારેક છાયો! એ જીવનના ખેલ છે. પણ ઘણાના જીવનમાં સૂરજ આથમે પછી દિવસ ઉગતો નથી. અંધકાર જીવનમાં છવાયેલો રહે છે. પણ કહેવત છે કે ખુદા રાત પછી દિવસ નવો આપે છે. કવિને સતત અંધાર મળે છે એ સૂરજની આશામાં ! પણ દિલ ના ઉમ્મીદ તો નહિ નાકામ હી તો હે , લંબી હે ગમકી શામ મગર શામ હી તો હે !! ક્યારેક તો રાત ઢળશે અને ઉમ્મીદ નો સૂરજ ઉગશે! એજ દિલાસા સાથે કવિ દુઃખના દિવસો કાઢી રહ્યા છે.

ચાલી જતે તૂટ્યા ભલે કિન્તુ હજી આ વાયદા
તૂટી ગયેલાં કાચની માફક મને વાગેય છે

વાયદા તૂટવા માટે છે. કવિ કહે છે કે ચાલી જાત ભલે વાયદા તૂટ્યા! પણ વાયદા તૂટવાથી જે કાચ જેવી કરચો થઈ છે એ વાગે પણ છે. કોઈએ આપેલા વાયદા તૂટે છે તો જખમ તો થવાના. તેમ છતાં કવિ કહે છે કે ચાલી જાત ભલે વાયદા તૂટ્યા પણ આ પીડા થાય છે, એનું શું કરવું? દરેક ઊલા મિસરામાં સ્વીકારની ભાવના છે પણ સાની મિસરામાં એની અસર બતાવે છે. આપેલા વચનો તૂટયાં એનો ગમ નથી પણ એ વચનો તૂટવાથી જે પીડા થઈ એની શિકાયત છે.

તારા સ્મરણથી એટલે પીછો નથી છોડાવતો
જુનાં ખરે જો પાન તો પાછા નવાં આવેય છે

આ શેર મને ખૂબ ગમી ગયો. તારા સ્મરણથી એટલા માટે પીછો છોડાવતો નથી કે જુનાં પાન ખરે તો નવાં આવે પણ છે. જો એક સ્મરણને વિસારે પાડો તો નવા સ્મરણ ફરી આવી જ જવાના! અને જુનાં સ્મરણને વાગોળતા રહેવામાં મજા છે. એટલે નવા સ્મરણો જુનાં સ્મરણની જગા ના લે. કોઈ કોઈ યાદ કલેજાથી લગાડવા માટે હોય છે એનાથી પીછો ના છોડાવાય !

જોડાણ સૌ તૂટી ગયા છે આપણી વચ્ચે છતાં
પહેલા હતો જે ગર્વ તારો એ મને આજેય છે

શું પ્રેમિકાની વિદાયથી એના પ્રત્યેનું માન અને ગર્વ ઓગળી જતા હોય છે? ના, કવિ ખૂબ પ્રેમથી કહે છે કે ભલે આપણી વચ્ચે કોઈ જોડાણ રહ્યું નથી. તેમ છતાં મને તારો જે ગર્વ હતો તે આજેય છે. સંજોગોવશાત બે વ્યક્તિઓનું મિલન થતું નથી. એમાં સંજોગોનો વાંક છે વ્યક્તિનો વાંક નથી તેથી કવિ કબૂલ કરે છે કે જે ગર્વ પહેલા હતો તે આજેય છે. પ્રેમીકાને દોષ એવાને બદલે પ્રેમિકા પ્રત્યે જે માં અને ગર્વની લાગણી છે એની કબૂલાત લાત કરી કવિ પ્રેમિકાને ખૂબ ઊંચા સ્થાને મૂકે છે.

મારે સમયમાં કે સ્વજનમાં ફેર કંઈ જાજો નથી
એ ધ્યાનમાં રાખે બધુ ને ધ્યાન પણ રાખેય છે

સમય અને સ્વજનની સરખામણી શી રીતે કરી છે. સ્વજન તમારી બધી વાતો ધ્યાનમાં રાખે, સારી કે નરસી . પછી સમય આવે એ તમને સંભળાવી પણ દે. એમ છતાં તમારું ધ્યાન પણ રાખે. સમય પણ સમય આવે મોટી પછડાટ આપે છે અને સમય તમારું ધ્યાન પણ રાખે છે. સમય બળવાન છે કહે છે. અને જે તમે કરો છો એનો બદલો સમય તમને આપીને રહે છે.કર ભલા તો હો ભલા! સમય પણ બધી વસ્તુ ધ્યાનમાં રાખે છે.

તારા તરફ છે ધ્યાન કેવળ એટલે જોયું નથી
બાકી જમાનામાં ઘણા લોકો મને ચાહેય છે

પ્રેમિકાને સંબોધીને કહે છે કે તારા સિવાય આ જમાનામાં ઘણા લોકો મને ચાહે છે. હા, એ વાત છે કે તારી તરફ મારું ધ્યાન છે એટલે મેં એ બાજુ જોયું નથી. ખૂબ સરળ શબ્દોમાં પ્રેમનો એકરાર છે. બાકી ચાહવાવાળા ઓછા નથી, પણ દિલ તારા તરફ લાગેલું છે. એટલે બીજી તરફ મારું ધ્યાન ગયું નથી.

શોભી રહયું છે એમને હસતાં મુખે જાવું ’અગન’
આ બારણામાં બેસવું મારું મને છાજેય છે

જ્યારે પ્રિયતમા છેલ્લી વાર ઘરના આંગણેથી જાય ત્યારે વિહવળ કવિ બારણામાં બેસી પડે છે. બંને દ્રશ્યમાં પ્રિયતમા હસતા મુખે જઈ રહી છે અને એને શોભે છે, જ્યારે કવિનું બારણામાં બેસી પડવું એ પણ યોગ્ય છે. અહીં કવિએ એક ભાવ જગત ઉત્પન્ન કરેલ છે જેમાં પ્રિયતમા હસતી હસતી છોડી જાય છે અને કવિ ઉદાસ થઈને બેસી પડે છે. ’અગન’ સાહેબની ખૂબ સુંદર ગઝલ!

સપના વિજાપુરા

---

## મા મારામાં તું ...!!

મારી બંધ આંખે નજર કરું તો તું જ મળે મા

મારા હર શ્વાસની લહરમાં તો તું જ ભળે મા

મારા દિલના હર ધબકારે પણ તું જ ધબકે મા

મારી આંખના દરેક પલકારે તો તું જ પલકે મા

પ્રેમના અહેસાસે હર રગમાં પણ તું જ વહે મા

મારા ગાઢ આલિંગને મારું હર અંગ તું ગ્રહે મા

’રેખા’ની શબ્દશૃંખલામાં કવિતા બની તું સરે મા

સરેઆમ આ ઉપવનની વેલી બનીને તું ફરે મા

—- રેખા શુકલ

ઝરણું ખસેડી પર્વત કાપી ચાલયો સીધો સટ

શું શું ખર્યું ખરચી જાત ,પાંગર જીવ જીત ફટ

—- રેખા શુકલ



## થરાદ મુખ્ય નર્મદા નહેર ઢીમા પુલ નજીક બિરાજમાન

# હનુમાનજી દાદાની જગ્યામાં ધુણો જાગ્રત અને પંચ અગ્નિની વચ્ચે મહાત્માએ તપસ્યા શરૂ કરતાં ધર્મ પ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી...



થરાદના શિવનગર વિસ્તાર નજીક પસાર થતી મુખ્ય નર્મદા નહેર ઢીમા પુલ નજીક આવેલ હનુમાનજી દાદાની મૂર્તિ બિરાજમાન હતી જેમાં હનુમાનજીના ભાવિક ભક્તો વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ તેમજ શિવનગર વિસ્તારના દશનામ ગોસ્વામી સમાજના મહાત્માઓ સહિત યુવા વર્ગ અને વિસ્તારના ધર્મ પ્રેમીઓ દ્વારા શનિવાર તેમજ મંગળવાર સહિત આવનારી શુભ તિથિએ હનુમાનજી દાદાની પૂજા અર્ચના કરવામાં આવતી હતી ત્યારે કેટલાક ભાવિ ભક્તોની માન્યતા પૂર્ણ થતાં હનુમાનજી દાદા પ્રત્યે ભક્તોનો ભાવ જાગતાં આજે દેવ ઉઠી એકાદશી અને તુલસી વિવાહની શુભ તિથિએ હનુમાનજી દાદાની જગ્યામાં ધુણો જાગ્રત અને હનુમાનજી ના ઉપાસક એવા મહેશપુરી શંકરપુરી ગોસ્વામી શિવનગર વાળાઓએ પંચ અગ્નિનીની વચ્ચે ૧૧ દિવસ સુધી તપસ્યા શરૂ કરી છે ત્યારે આવા શુભ કાર્યમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના સ્વંય સેવકો તેમજ શિવનગર ગોસ્વામી સમાજના વડીલો યુવાનો સહિત ધર્મ પ્રેમી જનતાના સહયોગથી શુભ કાર્ય કરવામાં આવ્યું છે જેમાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના આગેવાન મહેશભાઈ અને લક્ષ્મણપુરી ગોસ્વામી દ્વારા દર્શનાર્થે આવતા ભાવિક ભક્તોને જણાવવામાં આવી રહ્યું છે કે આ ૧૧ દિવસ સુધી ચાલી રહેલી સિધ્ધ તપસ્યાના દર્શને આવતા સૌકોઈ ધર્મ પ્રેમી જનતાએ અગ્નિ માટે ગોબરના છાણાં લાવવા માટે આહવાન કરવામાં આવી રહ્યું છે



આસોદર જગ્યા (મઠ,) મંહત શ્રી ૧૦૦૮ રેવાપુરીજી ગુરુ હિરાપુરીજી દ્વારા આયોજિત સ્નેહ મિલન કાર્યકમ માં સમાજ ના બહોળી સંખ્યામાં ભધારેલ સમાજ ના વડીલો યુવાનો અગ્રણી ઓ તથા સેવક ગણ પધારેલ અને રેવાપુરીજી બાપજી એ સર્વ ભધારેલા ઓને ભોજન પ્રસાદ તથા ભેટ પુજા માં દરેક ને ૫૦૦ રૂપિયા આપેલ અને નવા વર્ષની ખુબ ખુબ શુભેચ્છા પાઠવી આર્શીવાદ આપેલા અને સમાજ અગ્રણી ઓ દ્વાર મંહત શ્રી નું સ્વાગત કરી આર્શીવાદ મેળવેલા જેમાં ઉપસ્થિત અગર્ણી ઓ બનાસકાંઠા જિલ્લા મહા મંડળ યુવા પ્રમુખ શ્રી ગુલાબગીરી શાન્તીગીરી બુઢનપુર ભીખાગીરી હરીગીરી બેચરગર સુરજગીરી દાનપુરી પુનમપુરી ગેળા ગણેશગર ગણતા હેમગર રાણેશરી ગોરખનાથ રાણપુર બાબુપુરી ભાપી વગેરે બહોળી સંખ્યામાં ભધારેલા

## હિંમતનગર ખાતે કલેક્ટર નૈમેષ દવેની અધ્યક્ષતામા પત્રકાર સ્નેહમિલન અને શુભેચ્છા સમારંભ યોજાયો

સાબરકાંઠા જિલ્લામા વિક્રમ સંવતના નૂતન વર્ષ નિમિતે કલેક્ટર નૈમેષ દવેની અધ્યક્ષતામા પત્રકાર સ્નેહ મિલન અને શુભેચ્છા સમારંભ હોટલ મેડ ઓવર ગ્રીલ હિંમતનગર ખાતે યોજાયો હતો.આ કાર્યક્રમમા જિલ્લા કલેક્ટર નૈમેષ દવેએ વિક્રમ સંવતના નૂતન વર્ષની મંગલમય શુભેચ્છાઓ પાઠવી હતી. તેઓએ જણાવ્યુ હતુ કે પત્રકરત્વ લોકશાહી દેશનો ચોથો સ્તંભ છે. લોકસેવામા પત્રકારની મહત્વની ભુમિકા છે. પત્રકારાત્વ થકી ઉપયોગી માહિતી જન જન સુધી પહોંચાડવામા આવે છે. આ સાથે જ હરીશ પરમારને સહાયક માહિતી નિયામક તરીકે બઢતી મળતા શાલ ઓઢાડીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમા સંયુક્ત માહિતી નિયામક અમિત ગઢવી અને માહિતી નિયામક હિમાંશુ ઉપાધ્યાયએ માહિતી ખાતાના હરીશ પરમારની કામગીરીને બિરદાવી હતી તેમજ શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમા માહિતી ખાતાના હરીશ પરમારને સહાયક માહિતી નિયામક તરીકે બઢતી મળતા મહાનુભાવો, પત્રકારમિત્રો તથા માહિતી પરીવાર દ્વારા શ્રીફળ, સાકાર, મોમેન્ટો તેમજ શાલ ઓઢાડી અંતઃકરણની શુભેચ્છાઓ પાઠવી હતી

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું